દાદા ભગવાનના પરિવારનું

ઑગસ્ટ ૨૦૨૪

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

એક માળી હતો. એની પાસે એક એવા સુંદર ફૂલનું બીજ હતું, જે દુનિયામાં બીજે ક્યાંય જોવા ના મળે. એક વખત એની બાજુના બગીચામાં બહુ જ મસ્ત મજાના ફૂલો ખીલ્યા. આ જોઈને પોતાના બીજનું જતન કરવાના બદલે માળી બાજુવાળા બગીચાને જોઈને બળવા લાગ્યો. અને એમ કરતા કરતા એનું પોતાનું બીજ નકામું થઈ ગયું.

તમને લાગ્યું હશે કે આ તો કેવી મૂર્ખાઈ ! પણ શું ક્યારેય આપણાથી આવું થઈ ગયું છે ? શું બીજાની પ્રગતિ જોઈને ક્યારેક આપણું આગળ વધવાનું અટકી ગયું છે ? ચાલો, આ અંકમાં જોઈએ કે ખરા અર્થમાં આગળ કેવી રીતે વધાય ? આપણને આગળ વધવામાં શું અટકાવે છે ? સુજોયે આગળ વધવા માટે શું કર્યું ? ગેમપુરની ગેમ્સે બાળકોના દિલ કેવી રીતે જીત્યા ? ચૉકલેટ વર્લ્ડમાં જઈને થીઓ એન્ડ ફ્રેન્ડ્સ શું શીખ્યા ? અને હા, છેલ્લે છેલ્લે આલુ-ચીલીની દુનિયામાં જઈને જોઈએ કે ચીલીના ઘરે આલુ સાથે શું થયું ?

- ડિમ્પલ મહેતા





વર્ષ : ૧૬, અંક : ૧૨
સળંગ અંક : ૧૯૨
ઑગસ્ટ ૨૦૨૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.



© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved




અક્રમ
એક્સપ્રેસ

લવાજમ ( ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...



નીરુમા : તમે ખૂબ નિશ્ચય કરો કે, 'મારે આગળ વધવું છે' પણ બીજાને પાડીને આગળ જવા જાઓ છો માટે તમે નુકસાન ખાઓ છો. એક લીટી હોય અને એનાથી વધારે મોટી કરવી હોય તો એ લીટીને કાપીને બીજી મોટી નથી કરવી. બીજી મોટી લીટી દોરો. એ જ રીતે, આપણે આપણા ગુણ, ક્વૉલિટીઝ વધારો. પણ આપણે શું કરીએ છીએ ? સામાને કાપીને આગળ વધવા જઈએ છીએ. અને એ જ વસ્તુ પોતાને આગળ જવામાં અટકાવે છે. કોઈકના ટાંટિયા તોડીને આગળ વધવું નથી. એને આગળ વધવા દો અને આપણે પણ આગળ વધો. એને હેલ્ધી કૉમ્પિટિશન કહેવાય.



પ્રશ્નકર્તા : પણ ફ્રેન્ડ આગળ વધી જાય તો મને જેલસી થાય છે.

નીરુમા : જેલસી નહીં કરવાની. સ્પૉર્ટિલી રહેવાનું. તું એને એપ્રીશિએટ કરું ને તો તને જેલસી ના થાય. એને સારા માર્ક્સ આવે ને તો એના માટે ખુશ થવાનું કે કેવો હોશિયાર છે, કેવી મહેનત કરતો હશે ? એના પૉઝિટિવ જુએ ને તો આપણામાંથી જેલસી નીકળી જાય. આપણે આપણી રીતે મહેનત કરવી. આપણે વધારે વાંચન કરવું.

આપણી કૅપેસિટી પ્રમાણે આગળ વધો. તમારે પાંચ નંબરના બૂટ હોય ને સામાએ સાત નંબરના પહેર્યા હોય, એટલે આપણે સાત નંબરના પહેરવા ? તમે પાંચ નંબરના પહેરીને ફરો ને નિરાંતે. તો તમે પડી નહીં જાઓ.




મને ઘરે પાછા આવ્યાને એક કલાક થઈ ગયો હતો. પણ હજુ મને અંદર ગરમ ગરમ લાગતું હતું. મને લાગે છે આ થીઓના શૅકમાં કંઈ ગડબડ હતી. ત્યાં તો અચાનક પાર્સલી જોર જોરથી નારા લગાવવા લાગ્યો, ‘સમોસું છે જેના વગર અધૂરું, એ છે આલુ. જીતશે જે આજે ચૅમ્પિયનશિપ, એ સૌનો ફેવરિટ આલુ.’



બોલો, જ્યારે એને બોલવાનું હતું ત્યારે એ બોલ્યો નહીં ને હવે મારી કવિતા ગાતો હતો. મમ્મી પાછા એને જોઈને ખુશ થઈ રહ્યા હતા. મને થયું, ‘કવિતા મારી છે ને મમ્મી એના પર ખુશ થાય છે.’ મને ખાતરી છે કે પાર્સલી જ મમ્મીનો ફેવરિટ છે. મને તો અંદર એટલું ગરમ લાગ્યું કે કંઈ ઠંડું ઠંડું ખાઈને મેં રૂમમાં જઈને સૂઈ જવાનું નક્કી કર્યું. ત્યાં...




મારું નામ સાંભળતા જ મેં સૂઈ જવાની ઍક્ટિંગ કરી. કોઈને મળવાનો મને મૂડ નહોતો. ત્યાં પાર્સલીએ આવીને મને કહ્યું, ‘આલુભાઈ તને બોલાવે છે.’ આલુ ક્યારથી ‘ભાઈ’ થઈ ગયો ! મને તો પાર્સલીએ ક્યારેય આટલું સન્માન નથી આપ્યું. પણ ત્યારે મારે એની સાથે ઝઘડવું નહોતું કારણ કે મને એનું




કામ હતું. મેં એને ધીરેથી કહ્યું, 'તું જઈને આલુને કહી દે કે ચીલી સૂઈ ગયો છે.' એ તો મારી સામે જ જોઈ રહ્યો. પછી મેં એને કહ્યું, 'તું આવું કહીશ તો હું તને એક વીક રોજ ચીલી શૅક પિવડાવીશ.' આ સાંભળીને એની આંખો ચમકી. અને એ ઊડીને તરત બહાર ગયો.

ખરેખર, ક્યારેય કોઈ ડોબાઓની સ્કૂલ ખોલે તો પાર્સલીનો એમાં કાયમ પહેલો નંબર આવે ! હું તરત જ ઊડીને બહાર ગયો. આલુ પાર્સલીની વાતથી કન્ફ્યૂઝ હતો પણ મને જોઈને ખુશ થઈ ગયો. અને પાર્સલી મને જોઈને વધારે કન્ફયૂઝ થઈ ગયો. એણે મને કહ્યું, 'પણ, તે તો કીધું કે તું...' મેં એનું મોઢું બંધ કર્યું અને કહ્યું કે, 'તું હમણાં ચૂપચાપ જઈશ તો તને એક વીક ચીલી શૅક પિવડાવીશ.' એણે ઈશારો કર્યો, 'બે'.

મમ્મીને પાર્સલી કેટલો માસૂમ અને ભોળો લાગે છે. પણ એ છે કેટલો લુચ્ચો તે મને જ ખબર છે. પાર્સલી ગયો અને આલુ મારી પાસે આવ્યો. એણે મને એની ટ્રોફી બતાવી અને મને ભેટી પડ્યો, 'હું જીતી ગયો !' મને ખુશી થવી જોઈતી હતી, પણ ખબર નહીં મને ફરી અંદર એટલું બધું ગરમ લાગ્યું કે હું શું કહું ! હવે આ 'આલુ જીતી ગયો' એ સાંભળી સાંભળીને હું થાકી ગયો હતો.




**આલુની નાની નાની સફળતાઓમાં હંમેશાં ખુશ થતા ચીલીને આજે આટલી મોટી સફળતામાં આનંદ કેમ નથી થતો ? શું લાગે છે તમને ?**

# ક્લિક ઈટ રાઈટ

દાર્જિલિંગની 'લિટલ ફ્લાવર' સ્કૂલના પંદર બાળકોનું 'ક્લિક ક્લિક' ફોટોગ્રાફી ક્લાસ માટે સિલેક્શન થયું હતું. ક્લાસનો પહેલો દિવસ હતો. અભિજીત સર ક્લાસમાં આવ્યા ત્યારે બધા બાળકો પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા.


'સૌથી પહેલા હું તમને બધાને અભિનંદન આપીશ કે તમે આ ક્લાસ માટે સિલેક્ટ થયા. મુંબઈની 'ફોટો તત્ત્વ' સંસ્થાની મદદથી આપણે આ ક્લાસ ગોઠવી શક્યા છીએ. બધા વિદ્યાર્થીઓ માટે એમણે કૅમેરા આપ્યા છે. એટલું જ નહીં, પણ કૉર્સના અંતે એક બેસ્ટ ફોટોગ્રાફ સિલેક્ટ કરવામાં આવશે. એક પ્રદર્શનમાં એ ફોટો બતાવવામાં આવશે. અને એન્ડમાં સહુને પોતાના ફોટોગ્રાફ્સ પર મિસ્ટર દત્તાનો ઑટોગ્રાફ પણ મળશે. તો બધા તૈયાર ?'

બાળકો ખૂબ ઉત્સાહમાં આવી ગયા. આ કૉર્સમાં ફક્ત શીખવાનું જ નહોતું, પણ બીજા ઘણા ફાયદા પણ હતા.

પછી સરે કાર્ડ બૉર્ડનું એક કૅમેરાનું કટ આઉટ બધાને દેખાડ્યું અને એક પાર્ટ તરફ ઈશારો કરીને પૂછ્યું, 'આને શું કહેવાય ?'

અન્વિક તરત બોલ્યો, 'વ્યૂ ફાઈન્ડર'.

અન્વિકના જવાબથી સર બહુ જ ખુશ થયા. ફર્સ્ટ બેન્ચ પર બેઠેલા સુજોયે પાછળ વળીને અન્વિક સામે જોયું અને પછી તરત જ મોઢું ફેરવી લીધું. સુજોયને સાચો જવાબ નહોતો આવડતો. પણ એને એ વાત સહેજ પણ ગમી નહીં કે અન્વિકને જવાબ આવડ્યો. ફોટોગ્રાફીના થોડા બેઝિક સિદ્ધાંતો શીખવાડીને સરે ક્લાસ પતાવ્યો. ક્લાસ પછી સર સાથે અન્વિક કંઈક વાત કરવા ગયો. સુજોય દૂરથી અન્વિક અને સરને





જોઈ રહ્યો. અંતમાં સરે અન્વિકનો ખભો થાબડ્યો અને આ દૃશ્ય જોઈ સુજોયને બળતરા થઈ.

બીજા દિવસે ક્લાસમાં, સરે કૅમેરાને પકડવાની સાચી રીત શીખવાડી. અને પછી બધાને પોતપોતાનો કૅમેરો પકડવાનું કહ્યું. સરે બે-ત્રણ સ્ટૂડન્ટ્સની ભૂલ સુધારી.

અને પછી સુજોય તરફ જોઈને કહ્યું, 'હંમ... પરફેક્ટ ! આ જ રીતે કૅમેરો પકડવો જોઈએ.' પોતાના વખાણ સાંભળીને સુજોય ખુશ થયો. ત્યાં તો અન્વિકને સરે કહ્યું, 'તે પણ કૅમેરાને એકદમ સ્થિર પકડ્યો છે, બેટા !' સુજોયની ખુશી તરત જ ગાયબ થઈ ગઈ. ખબર નહીં એને શું થઈ રહ્યું હતું.

એક દિવસ ક્લાસ પછી સરે જાહેર કર્યું કે, 'ઓકે ફ્રેન્ડ્સ, આપણો નેક્સ્ટ ક્લાસ, ક્લાસરૂમમાં નહીં પણ દાર્જિલિંગના વિશ્વ વિખ્યાત સ્થળ, 'ટાઈગર હિલ' પર થશે.'

રજાના દિવસે ટ્રિપ ગોઠવવામાં આવી. આવવા-જવાની બધી જ વ્યવસ્થા સરે સમજાવી દીધી. બધાએ પોતાનો કૅમેરો લઈ જવાનો હતો.

તે દિવસે સવારથી બપોર સુધી ટાઈગર હિલ પર બાળકોએ મસ્ત મજાના ફોટોઝ લીધા. ઘણા દિવસો પછી સુજોયને ફોટોઝ લેવાની મજા આવી. ઘરે પાછા ફરતી વખતે, બસમાં બેઠા બેઠા સરે બધાના ફોટોઝ જોયા. દરેક ફોટાના વખાણ કર્યા અને એક-એકની ખાસિયત કહી. બધાને જ પ્રોત્સાહન મળ્યું. સુજોયના ફોટોઝથી સર બહુ જ પ્રભાવિત થયા. 'સુજોય, આજ સુધીનું તારું આ બેસ્ટ કામ છે. શાબાશ બેટા !' તે દિવસે ફોટા પાડતી વખતે પહેલી વાર સુજોયનું ધ્યાન અન્વિક પર ઓછું અને પોતાના કામ પર વધારે હતું. પછી સરે અન્વિકના ફોટા જોયા અને વિશેષ વખાણ કર્યા. આ સાંભળીને ફરી સુજોયના પેટમાં તેલ રેડાયું.

ત્યાર બાદ સરે એક જાહેરાત કરી, 'આજે પાડેલા ફોટોઝમાંથી તમને જે બેસ્ટ ફોટો લાગે એની પ્રિન્ટ આઉટ નેક્સ્ટ ક્લાસમાં લઈને આવજો.' 'ફોટો તત્ત્વ' સંસ્થાના મિસ્ટર દત્તા આપણા ક્લાસમાં આવશે અને બધા ફોટોઝમાંથી પોતાની ગૅલેરીમાં પ્રદર્શિત કરવા માટે એક બેસ્ટ ફોટોગ્રાફ સિલેક્ટ કરશે. આ સાંભળીને અમુક બાળકોને મિસ્ટર દત્તાને મળવાની અધીરાઈ થઈ અને અમુકને થોડો ગભરાટ. સુજોયે અન્વિક સામે જોયું. એના ચહેરા પર પ્રસન્નતા દેખાઈ.

સુજોયને અન્વિકની પ્રસન્નતા છીનવી લેવાનું મન થયું. એને મનમાં વિચાર આવ્યો, 'સરને મારા



ફોટોગ્રાફ્સ બહુ જ ગમ્યા છે. જો અન્વિકના ફોટોગ્રાફ્સ હશે જ નહીં, તો મારો જ સિલેક્ટ થશે ને !'

થોડી વાર રહીને, એક પેટ્રોલ પંપ પાસે બસ ઊભી રહી. બધા જ બાળકો બસની નીચે ઊતરી ગયા. સુજોય સૌથી છેલ્લો હતો. એણે આજુબાજુ નજર કરી. કોઈ જ નહોતું. એના દિલના ધબકારા વધી ગયા. એના હાથ ધ્રૂજવા લાગ્યા.

ધીમેથી સુજોય અન્વિકની સીટ પાસે ગયો. એણે ફરી આજુબાજુ નજર કરી. અને પછી ફટાફટ ધ્રૂજતા હાથે અન્વિકના કૅમેરામાંથી મેમરી કાર્ડ કાઢીને પોતાના ખિસ્સામાં મૂકી દીધું. અન્વિકથી આગળ વધવા માટે એ કોઈ પણ હદે જવા તૈયાર થઈ ગયો.

આખા રસ્તે સુજોય બેચેન રહ્યો. મોઢું લટકાવીને એ બસ સ્ટૉપથી ઘર તરફ ચાલી રહ્યો હતો, ત્યાં તો એને એક જાણીતો અવાજ સંભળાયો, 'હાય, ચૅમ્પિયન !'

'વિક્કુ ભૈયા !!!' સુજોય દોડીને એમને ભેટી પડ્યો. થોડી ક્ષણો માટે એ પોતાની બધી જ વાતો ભૂલી ગયો.

વિક્કુ ભૈયા સુજોયના જૂના પાડોશી હતા. એ એના કરતાં ઉંમરમાં તો ઘણા મોટા હતા પણ એક ફ્રેન્ડની જેમ એની બધી જ વાતો સમજતા. એમના કારણે જ તો સુજોયને ફોટોગ્રાફીમાં રસ પડ્યો હતો. એક વર્ષ પહેલા વિક્કુ ભૈયા પોતાના કામ માટે દાર્જિલિંગ છોડીને મુંબઈ જઈને વસ્યા હતા.

વિક્કુ ભૈયા સાથે થોડી વાતો કરી ને, બીજા દિવસે મળવાનો પ્લાન બનાવીને સુજોય ઘરે ગયો.

સવારે સુજોય અને વિક્કુ ભૈયા આરામથી સાઈકલ પર પાર્ક તરફ જઈ રહ્યા હતા. ત્યારે સુજોયના ક્લાસના અમુક છોકરાંઓ એમને ઓવરટેક કરીને આગળ નીકળી ગયા. આ જોઈને સુજોયને ગુસ્સો આવ્યો. એ ફાસ્ટ ચલાવવા ગયો ત્યારે વિક્કુ ભૈયાએ એને રોક્યો, 'દોસ્ત, શું થયું તને ? એ લોકો ક્યાંક બીજે જઈ રહ્યા છે અને આપણે બીજે. આપણે એમની સાથે રેસ લગાવીને શું કરવું છે ? મારે તો તારી સાથે સાઈક્લિંગ એન્જૉય કરવું છે.' સુજોય ધીમો પડ્યો.

પાર્કમાં થોડું ફર્યા પછી વિક્કુ ભૈયા અને સુજોય એક જગ્યાએ બેઠા. સુજોયે વિક્કુ ભૈયા પાસે પોતાના દિલનો ભાર હલકો કર્યો, 'વિક્કુ ભૈયા, મને રેસ લગાવવાની આદત થઈ ગઈ છે.' ફોટોગ્રાફી ક્લાસમાં શરૂઆતથી લઈને જે જે થયું એની બધી વાતો એણે વિક્કુ ભૈયા સાથે કરી. પણ મેમરી કાર્ડવાળી વાત કહેવાની હિંમત ના ચાલી.

વિક્કુ ભૈયાએ શાંતિથી એની બધી જ વાતો સાંભળી. પછી, કૅમેરા કાઢીને એક ફૂલ તરફ ઈશારો કરીને પૂછ્યું, 'તારે આ ફૂલનો ફોટો લેવો હોય તો તું ફૂલ પર ફોકસ કરીશ, આજુબાજુની વસ્તુઓ પર નહીં. રાઈટ ? એ જ રીતે આપણે પણ આપણા પર જ ફોકસ કરવા જેવું છે. બીજા કોઈ પર

કરીને શું ફાયદો !' વિક્કુ ભૈયાએ કહ્યું.

સુજોયને યાદ આવ્યું કે ટાઈગર હિલ પર જ્યારે એણે અન્વિકના બદલે પોતાના કામ પર ફોકસ કર્યું હતું ત્યારે એને ખૂબ મજા આવી હતી.

'અને એક વાત હંમેશાં યાદ રાખજે દોસ્ત', વિક્કુ ભૈયાએ આગળ કહ્યું, 'લાઈફમાં આપણે જ્યાં છીએ ત્યાંથી એક સ્ટેપ આગળ વધવાનું છે. બીજા કોઈ કરતાં આગળ વધવાની વાત જ નથી.' સુજોયને ભૈયાની વાત બહુ જ ગમી.

'ચલ, બહુ સીરિઅસ વાતો થઈ ગઈ. હવે, આપણે મોમોસ ખાવા જઈએ.' વિક્કુ ભૈયા સુજોયને કૅફે લઈ ગયા.


બીજા દિવસે ફોટોગ્રાફી ક્લાસમાં બધા જ બાળકો ઉત્સાહિત હતા, સિવાય કે અન્વિક. બધાએ પોતાના ફોટોસ અભિજીત સરને આપી દીધા. અભિજીત સરે ખૂબ પ્રેમથી અન્વિકને આશ્વાસન આપ્યું, 'નેક્સ્ટ ટાઈમ, બેટા !' અન્વિક દુઃખી થઈને એક ખૂણામાં બેસી ગયો. ત્યાં તો વિક્કુ ભૈયા ક્લાસમાં દાખલ થયા.

'પ્લીઝ વેલકમ મિસ્ટર વિકાસદીપ દત્તા ઑફ 'ફોટો તત્ત્વ' ઈન્સ્ટિટ્યૂટ.' અભિજીત સરે ઊભા થઈને વિક્કુ ભૈયા સાથે હાથ મિલાવ્યા. બધા બાળકોએ તાળીઓ પાડી. પણ સુજોય તો એમને જોતો જ રહી ગયો.

'અરે, વિક્કુ ભૈયા એ જ મિસ્ટર દત્તા છે !' સુજોય સ્તબ્ધ બની ગયો. વિક્કુ ભૈયાએ સુજોયને એક નટખટ સ્માઈલ આપી. અભિજીત સરે વિક્કુ ભૈયાને બધા ફોટોસ બતાવ્યા. ફોટોગ્રાફરના નામ ફોટોસની પાછળ લખેલા હતા. નામ વાંચ્યા વગર જ એક ફોટો વિક્કુ ભૈયાએ પોતાની ગૅલેરી માટે સિલેક્ટ કર્યો. અને એ ફોટો સુજોયનો હતો.

સુજોયને ખુશી થવી જોઈતી હતી પણ એને સહેજ પણ ના થઈ. એની નજર અન્વિક સામે પડી. એ મોઢું નીચું કરીને બેઠો હતો. સુજોયને પોતાની ભૂલનો બહુ જ પસ્તાવો થયો. ક્લાસના અંતમાં વિક્કુ ભૈયાએ બધાના જ ફોટોગ્રાફ પર પોતાનો ઑટોગ્રાફ આપ્યો. તે વખતે અન્વિકની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા.





સુજોયથી પોતાની ભૂલનો બોજ સહેવાયો નહીં. એને સમજાયું કે કોઈને પછાડીને આગળ વધવામાં કોઈ સુખ છે જ નહીં. તે સાંજે એણે વિક્કુ ભૈયાને બધું જ સાચેસાચું કહી દીધું. વિક્કુ ભૈયાએ એને પ્રૉબ્લેમ સૉલ્વ કરવાનો ઉપાય બતાવ્યો.

બીજા દિવસે એણે અભિજીત સર પાસે જઈને પોતાની ભૂલ કબૂલ કરી અને અન્વિકનું મેમરી કાર્ડ સરને આપ્યું. સરને સુજોય પર બહુ જ ગુસ્સો આવ્યો. એમણે જોરથી કહ્યું, 'હવે મને આ આપવાનો શું ફાયદો ? પેલા છોકરાની તક તો તે છીનવી લીધી ને ?'

તે જ વખતે અભિજીત સરનો ફોન વાગ્યો. સામેની બાજુ વિક્કુ ભૈયા હતા. અભિજીત સરે એમની વાત સાંભળી અને પછી 'ઓકે થેન્ક યૂ' કહીને ફોન મૂકી દીધો.

વિકાસદીપ દત્તાએ પોતાની ગૅલેરી માટે સુજોયના બદલે અન્વિકનો ફોટો સિલેક્ટ કરી દીધો હતો.

પ્રદર્શનના દિવસે ફોટો ગૅલેરીમાં અન્વિક પોતાના ફોટા પાસે ઊભો હતો. સુજોય તેની પાસે ગયો અને કહ્યું, 'આઈ એમ રિયલી સૉરી, અન્વિક. મને માફ કરી દઈશ ?'


તે દિવસે પહેલી વાર સુજોયને અન્વિકે લીધેલો ફોટો એના પોતાના ફોટા કરતાં વધુ સારો લાગ્યો. પહેલી વાર એણે અન્વિકની ફોટોગ્રાફીને દિલથી એપ્રીશિએટ કરી. એણે ધીમેથી અન્વિકને પૂછ્યું, 'મારા ફોટોગ્રાફ પર તારો ઑટોગ્રાફ આપીશ ?'


અને બસ, ત્યારથી સુજોયે બીજા કોઈને જોયા વગર પોતે જ્યાં ઊભો છે ત્યાંથી એક ડગલું આગળ વધવાની એણે શરૂઆત કરી.



# ચાલો રમીએ

૧) નીચે આપેલા ચિત્રમાં પાંચ ભુલો છે એને શોધો.





૨) બાજુમાં આપેલા ચિત્રમાંથી કોઈ પણ ત્રણ મેચસ્ટીક કાઢીને એમાંથી ત્રણ ચોરસ બનાવો.



ગેમપુર
૨૦ વર્ષ પહેલા, ગેમ્સના શહેર, 'ગેમપુર'માં તે દિવસે બહુ જ હલચલ હતી.
'રમત-ગમત' વિસ્તારની ગેમ્સ, એક ઓપન ટ્રકમાં માઈક અને પોસ્ટર્સ લઈને વિડિયો ગેમ્સના વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી.
સુનો... સુનો... સુનો...
અરે, ક્યાં ખોવાઈ ગયો ? આગળ તો કંઈક બોલ.
મારું માઈક બંધ થઈ ગયું.
સારું, સારું. 'નદી કે પર્વત' તું કયા પર્વતની ટોચે છુપાઈ ગયો ? પેલું પોસ્ટર ખોલ.
Say No To Vidio Game


પહેલા 'વિડિયો'નો સાચો સ્પેલિંગ શીખો. પછી વિરોધ કરો.
તમે લોકો પોતે ઊંચા આવી નથી શકતા. અને બસ, અમને નીચે પાડવાની કોશિશ કરો છો. ભાગો અહીંથી.
Say No To Video Game
નિરાશ થઈને બધી ગેમ્સ ઘરે આવી. પઝલને એક આઈડિયા સૂઝ્યો. એણે એક બૉક્સ દોર્યું.
હવે બોલો, આ બૉક્સને અડ્યા વગર એને નાનું બનાવવું હોય તો શું કરવાનું ?
KEY LOCK
અડ્યા વગર તો કેવી રીતે નાનું બનાવાય ? નાનું કરવા માટે એને ભૂંસવું જ પડે.
ના, ના. વિચાર કરો, જડશે રીત.
બધા ચૂપ થઈ ગયા.
એક બીજું મોટું બૉક્સ બનાવીએ તો ? આ બૉક્સ એની આગળ નાનું જ થઈ જશે ને !


એ જ રીતે વિડિયો ગેમ્સને તોડ્યા વગર પણ તમે પ્રોગ્રેસ કરી શકો છો.
એ તો કેવી રીતે પૉસિબલ છે ?
બધાએ હાર માની લીધી. પણ, ક્રિકેટે ના માની. એણે રિસર્ચ શરૂ કર્યું.
વાઉ ! હવે ખબર પડી કે બાળકોને વિડિયો ગેમ્સ આટલી બધી કેમ ગમે છે.
કેમ ?
કારણ કે, એ લોકો અપગ્રેડ થયા જ કરે છે. સિત્તેરના દાયકામાં પહેલી વિડિયો ગેમ બહાર આવી હતી.
પણ એ વખતની ગેમ્સમાં અને આજની ગેમ્સમાં કેટલો ફરક છે ! એ લોકો પોતાની જાતને ડેવલપ કર્યા જ કરે છે.
આપણે એમને નથી તોડવાના. જાતે જ ડેવલપ થવાનું છે. આપણી સ્પર્ધા એમની સાથે નથી, પણ પોતાની સાથે જ છે.
ક્રિકેટે ડેવલપ થવાના ઘણા બધા આઈડિયાસ વિચાર્યા. આખરે એને એક જોરદાર આઈડિયા આવ્યો.
KEY LOCK



વીસ વર્ષ પહેલાનો એ દિવસ આજે પણ બધાને બરાબર યાદ છે.
તે દિવસે પહેલી વાર ટ્વેન્ટી-ટ્વેન્ટી (T-૨૦), એટલે કે વીસ ઓવરની મેચ રમાયેલી. આપણને સ્ટેડિયમમાં કેટલી મજા આવી હતી !
ખરેખર, ક્રિકેટે કેટલું બધું ડેવલપ કર્યું છે. જ્યારે જ્યારે એ બૉરિંગ થાય, ત્યારે ઈન્ટરેસ્ટિંગ બનાવવાના આઈડિયા શોધી કાઢે છે.
અને વિડિયો ગેમ્સ પણ. એ લોકો તો આજે ક્યાંના ક્યાં પહોંચી ગયા છે.
અને આપણે તો ત્યાંના ત્યાં જ છીએ. આપણને તો કોઈ યાદ પણ નથી કરતું.
ચાલો ને, આપણે પણ આગળ વધીએ !
પણ કેવી રીતે ?
શું તમારી પાસે કોઈ આઈડિયા છે ? કોઈ પણ બે આઉટડૉર ગેમ્સને વધુ ઈન્ટરેસ્ટિંગ બનાવવી હોય તો તમે શું કરશો ?

# આ તો નવી



ઈર્ષા કરવામાં ફાયદો શું છે ? ઈર્ષા કરવાથી સામાને શું નુકસાન જવાનું છે ? નુકસાન પોતાને જ થાય છે. ભયંકર ભોગવટા પોતાને આવે છે. પોતાની પ્રગતિ રૂંધાય છે.



હેલ્ધી કૉમ્પિટિશન કેવી હોય ? સામાને નુકસાન કર્યા વગર પોતે આગળ વધે અથવા પોતે દિશા બદલી નાખે, નવી વસ્તુ ડેવલપ કરે.

# જ
# વાત !



બીજાને શીખવાડો ત્યારે તમારું જ્ઞાન દસ ગણું વધે. એને એક આવડે ત્યારે તમને દસ ગણું આવડે.
દા.ત. તમારો મિત્ર તમને પૂછવા આવે, 'મને આ દાખલો શીખવાડીશ ?' તો આપણે દિલથી શીખવાડવાનો. એવું નહીં વિચારવાનું કે, હું એને નહીં શીખવાડું તો એને ઓછા માર્ક્સ આવશે અને મારા માર્ક્સ વધી જશે.



કોઈ પણ સારું કરતો હોય તો એને એપ્રીશિએટ કરવું કે, 'બહુ સારું કર્યું' એટલે તમે પણ આગળ વધવાના.







'હેપ્પી બર્થ ડે ટૂ યૂ, હેપ્પી બર્થ ડે ડિઅર અક્રમ એક્સપ્રેસ ! હેપ્પી બર્થ ડે ટૂ યૂ !' ડીડીમા જંગલમાં અક્રમ એક્સપ્રેસની સોળમી વર્ષગાંઠ ઉજવાઈ રહી હતી. ટેબલ પર જાતજાતની ચૉકલેટ્સ મૂકવામાં આવી હતી. જેને જેટલી ચૉકલેટ્સ ખાવી હોય એટલી ખાવાની છૂટ હતી. ચૉકલેટ-પીનટ-બટર કપ્સ ખાઈને કુલ્ફીને થયું જાણે એને આખી દુનિયાની સૌથી ટેસ્ટીમાં ટેસ્ટી વસ્તુ મળી ગઈ હોય ! તે દિવસે તો એ એના માટે ખાસ બનેલી કૅરટ કેકને પણ અડ્યો નહીં.

પણ તમને થતું હશે કે ડીડીમા જંગલમાં આટલી બધી ચૉકલેટ્સ આવી ક્યાંથી ? વાત એમ છે કે ૭મી જુલાઈના 'વર્લ્ડ ચૉકલેટ ડે' સેલિબ્રેટ કરવા માટે થીઓ એન્ડ ફ્રેન્ડ્સ અમેરિકાના પેન્સિલવેનિયા સ્ટેટમાં આવેલા 'હર્શીલૅન્ડ'માં ગયા હતા. હા, હા એ જ 'હર્શી' જેની 'હર્શીસ' ચૉકલેટ્સ લોકપ્રિય છે. અને ત્યાંથી બધા જ માટે તેઓ ચૉકલેટ્સ લઈને આવ્યા હતા.





હર્શીલૅન્ડમાં પગ મૂકતા જ થીઓને સખત ભૂખ લાગી ગઈ. આવું અજબ-ગજબનું ચૉકલેટ વર્લ્ડ તો કોઈએ ક્યારેય સપનામાં પણ નહોતું કલ્પ્યું. અરે, જીફ્ફી તો ત્યાંની ચૉકલેટ આકારની સ્ટ્રીટ લાઈટ ખાવા જતો હતો, ત્યારે ઝોઈએ એને રોક્યો. રીઝો બધાને 'હર્શી સ્ટોરી મ્યૂઝિઅમ' લઈ ગયો. ત્યાં એણે બધાને મિલ્ટન હર્શી અને એચ.બી.રીસ નામના બે વ્યક્તિઓની સ્ટોરી કહી. એ સાંભળીને થોડી વાર માટે તો થીઓની ભૂખ પણ ઊડી ગઈ.

રીઝો : હર્શી કંપનીના ફાઉન્ડર (સ્થાપના કરનાર) મિલ્ટન હર્શીએ ચૉકલેટ બનાવવાનું કામ નાના પાયે શરૂ કર્યું. ઘણી બધી મુશ્કેલીઓ અને સંકટોનો સામનો કર્યા પછી એમને સફળતા મળી. એમની જ કંપનીમાં એચ.બી.રીસ નામના એક વ્યક્તિ કામ કરતા હતા. રીસના પરિવારની જરૂરતો વધી એટલે એમણે હર્શી કંપની છોડી દીધી. થોડા સમય પછી, મિલ્ટન હર્શીની સફળતા જોઈને રીસે પણ પોતાનો એક અલગ કૅન્ડી બિઝનેસ શરૂ કરવાનું નક્કી કર્યું.

ઝોઈ : ઓહ, તો તો પછી બેઉમાં જોરદાર કૉમ્પિટિશન થઈ હશે ને ?

રીઝો : ના ના. કૉમ્પિટિશન તો ના થઈ પણ ઉપરથી હર્શીએ રીસને એમના બિઝનેસ માટે 'મિલ્ક ચૉકલેટ' સપ્લાય કર્યું.

થીઓ : અરે, રીસે તો ચૉકલેટ બનાવવાની રીત પણ હર્શી પાસેથી શીખી હશે. એક જ જગ્યાએ બે કંપનીઓ કૅન્ડી વેચે તો કૉમ્પિટિશન ના થાય ?

રીઝો : ના થઈ. હર્શી અને રીસ જીવનભર સારા મિત્રો બનીને રહ્યા અને એકબીજાની હેલ્પ કરી. અને એટલે જ તો બન્નેના મૃત્યુ પછી 'હર્શી' અને 'રીસ' કંપની એક થઈ ગઈ.

જીફ્ફી : જો હર્શી અને રીસે એકબીજાથી આગળ વધવા માટે એકબીજાને તોડવાની કોશિશ કરી હોત, તો એક પણ કંપની બચી ના હોત. અને આજે જુઓ, બેઉ કંપની એક થઈ ગઈ છે !

મન ભરીને સ્ટોરી સાંભળ્યા પછી બધાએ પેટ ભરીને ચૉકલેટ્સ ખાધી. અને પછી, ડીડીમા જંગલના બધા જ ફ્રેન્ડ્સ માટે બૅગ ભરીને ચૉકલેટ્સ પૅક કરી.

Akram Express

August 2024
Year : 16, Issue : 12
Conti. Issue No.: 192

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

બાળમિત્રો તમે જોયું કે ક્રિકેટ છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલું ડેવલપ થયું છે.
શું તમારી પાસે કોઈ આઈડિયા છે ? કોઈપણ બે આઉટડોર ગેમ્સને વધુ ઈન્ટરેસ્ટિંગ બનાવવી હોય તો તમે શું કરશો ?
તમારો આઈડિયા અમારી સાથે શેર કરો. ૯૩૧૩૬૬૫૫૬૨.




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

*Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation*
*Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.*